તમે જે જોઇ શકતા નથી
તેમાં માનવું તેનું નામ શ્રદ્ધા
- સંત ઓગસ્ટીન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૪૭ | ૨ માર્ચ, ૨૦૧૫, સોમવાર ; ફાગણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વસંતમાં વર્ષા

## ગાંધીનગર શહેર-જિલ્લામાં વહેલી સવારેથી ધીમીધારનો વરસાદ શરૂ થયો : ૪ મી.મી. જેટલો વરસાદ

ગાંધીનગર, તા. ૧

હવામાનશાસ્ત્રીઓએ કરેલી આગાહી મુજબ જ છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ રવિવારે ગાંધીનગર શહેર-જિલ્લામાં વરસાદી માહોલ છવાયો હતો. વહેલી સવારથી બપોર સુધી ધીમી ધારે કમોસમી વરસાદ પડ્યો હતો અને શહેર જાણે કોઈ હીલસ્ટેશન હોય તેવુ લાગતુ હતુ.

રવિવારે મોડા ઉઠેલા વસાહતીઓ વરસાદી વાતાવરણ જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. આકાશમાં ઘેરાયેલા કાળા ડિબાંગ વાદળો જોઈ એવુ લાગતુ હતુ કે જાણએ આખો ઉનાળો ગાયબ થઈ ગયો હોય અને સીધો જ અષાઢ બેસી ગયો હોય. કાળા વાદળો અનને ધીમીધારનો વરસાદ અસલ અષાઢી માહોલ ઉભો કર્યો હતો. ગઈકાલે રાત્રે જોરદાર પવન ફુંકાવવો શરૂ થયો હતો. ઠંડો પવન શરૂ થતા વસાહતીઓને ગરમ વસ્ત્રોમાં વીંટળાવવાની જરૂરીયાત ઉભી થઈ હતી. વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. કાળા વાદળો ઘેરાઈ આવ્યા બાદ વહેલી સવારે પાંચ વાગ્યાથી ધીમી ધારે વરસાદ શરૂ થયો હતો. સવારે સાત વાગ્યા પછી વરસાદની સ્પીડ વધી હતી. માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યુ હતુ. વરસાદ અને ઠંડા

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

# સ્વાઈન ફલુ બેકાબુ

## વધુ નવ કેસ : બેના મોત : બે મહિલા દર્દીઓના મોત : ગાંધીનગર શહેરમાંથી વધુ ૩ કેસ મળ્યા : ગ્રામ્ય વિસ્તારમાં પણ રોગચાળો પ્રસર્યો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફલુ બેકાબુ બની રહ્યો છે. આજે પણ વધુ નવ કેસ નોંધાયા છે જ્યારે બે દર્દીઓના સારવાર દરમ્યાન મૃત્યુ નીપજ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જાન્યુઆરી માસથી શરૂ થયેલા આ સ્વાઈન ફલુમાં અત્યાર સુધીમાં ૧૬૪ કેસ નોંધાયા છે. જેમાં ૨૧ દર્દીઓના સારવાર દરમ્યાન મોત નીપજ્યા છે.

ગાંધીનગર શહેરના સે. ૫-બીમાંથી દાખલ થયેલ મહિલાનું દુઃખદ અવસાન થયુ છે. આ ઉપરાંત કોલવડાની પણ ૩૨ વર્ષીય મહિલાનું પાંચ દિવસની સઘન સારવાર દરમ્યાન મૃત્યુ થયું છે. જિલ્લામાં મૃત્યુઆંક ૨૧ પર પહોંચ્યો છે જ્યારે શહેરમાં સ્વાઈન ફલુને કારણે ૪થુ મોત થવા પામ્યુ છે.

આજે નોંધાયેલ કેસોમાં દહેગામમાં ૩ કેસ, માણસા-કલોલ-ગાંધીનગરમાં ૧-૧-૧-અને ગાંધીનગર શહેરમાં ૩ કેસ નોંધાયા છે.

આ સિઝનમાં સ્વાઈન ફલુ પોઝીટીવના ૧૬૪ કેસ નોંધાયા છે. આજે સવારે થયેલા વરસાદ અને વાતાવરણમાં આવેલ પલ્ટાને લઈ તંત્રની ચિંતામાં ભારે વધારો થયો છે.

જે રીતે કેસો મળી રહ્યા છે તે પરિસ્થિતિ વધુ કથળી રહી હોવાનું તથા રોગચાળો બેકાબુ બની રહ્યાનું સ્પષ્ટ દર્શાવે છે. તંત્રના અધિકારીઓ દ્વારા સતત દોડધામમાં વ્યસ્ત બન્યા છે.

આજે પણ રવિવારની રજા

● અનુસંધાન પાન-૭ પર

# સ્વાઈન ફલુ બેકાબુ બનતાં જિલ્લા તંત્રએ તબીબની તાકીદની બેઠક બોલાવી

## સંસ્કૃતિ કુંજમાં કલેકટર, મ્યુનિ. કમિશનર, જિલ્લા વિકાસ અધિકારીની ટીમ પહોંચી : કરી સમીક્ષા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લા કલેકટર, મ્યુનિ. કમિશનર અને જિલ્લા વિકાસ અધિકારીના નેતૃત્વમાં આજે સંસ્કૃતિ કુંજમાં ચાલી રહેલા વસંતોત્સવમાં આરોગ્ય વિષયક લેવામાં આવેલા પગલાંઓની ચકાસણી કરાઈ હતી.

જિલ્લાના પ્રભારી સચિવશ્રી ડાગુરની સમીક્ષા બેઠક બાદ અધિકારીઓની આ ટીમ સંસ્કૃતિ કુંજ ખાતે પહોંચી હતી. તેમણે આયોજકો સાથે વિસ્તૃત બેઠક કરી અને આરોગ્ય વિષયક સેવાઓના પગલાંઓ અંગે સમીક્ષા કરી હતી.

જિલ્લામાં સ્વાઈન ફલુ બેકાબુ બની રહ્યો છે ત્યારે હરકતમાં આવેલ જિલ્લા તંત્રના ઉચ્ચ અધિકારીઓની સંસ્કૃતિ કુંજની મુલાકાતે શહેરભરમાં ચર્ચા જગાવી છે.

દરમિયાન જિલ્લા કલેકટરશ્રી રવિશંકરે પણ શહેર અને જિલ્લાના ખાનગી દવાખાના ચલાવતા તેમજ સ્વાઈન ફલુના દર્દીઓને સારવાર આપતા તબીબોની એક તાકીદની બેઠક સોમવારે સાંજે ૪ વાગે કલેકટર કચેરીમાં બોલાવી છે.

આ બેઠકમાં જિલ્લાની પરિસ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવશે તેમજ સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાંઓમાં સહયોગ આપવા જણાવવામાં આવશે.

તબીબો સાથેની આ બેઠકને અતિ મહત્વની લેખવામાં આવી રહી છે. આ બેઠક પછી જિલ્લા તંત્ર દ્વારા કેટલાક મહત્વના પગલાંઓ લેવામાં આવે તેવી શકયતાઓ છે.

# પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ તરીકે ભરતસિંહ સોલંકી નિમાયા

## છેલ્લા ઘણા સમયથી ચાલતી અટકળોનો અંત : લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં તમામ ૨૬ બેઠકો હાર્યા બાદ અર્જુન મોઢવાડિયાએ હોદ્દાથી રાજીનામુ આપ્યું હતું

અમદાવાદ, તા.૧

ભરતસિંહ સોલંકીની ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવતા કોંગ્રેસમાં નવી રાજકીય ગરમી આવી ગઈ છે. છેલ્લા ઘણા સમયથી આને લઈને સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી હતી. આજે આખરે તેમની પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં કોંગ્રેસનો સંપૂર્ણપણે સફાયો થયો હતો. ગુજરાતમાં ભાજપે તમામ ૨૬ બેઠકો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો હતો જેના પરિણામ સ્વરુપે હાર બાદ અર્જુન મોઢવાડિયાએ પ્રમુખ પદેથી રાજીનામુ આપ્યું હતું. તેમની જગ્યાએ કોની નિમણૂંક થશે તેને લઈને સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી હતી. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ મોઢવાડિયાના રાજીનામાનો સ્વીકાર કર્યો હતો. કેન્દ્રમાં ત્રણ વાર રાજ્યકક્ષાનાપ્રધાન રહી ચુકેલા ભરતસિંહ પણ આ પહેલા પણ વર્ષ ૨૦૦૬-૨૦૦૮ દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ રહી ચુક્યા છે. ૨૦૦૪ અને ૨૦૦૯માં સતત બે વખત આણંદ લોકસભા બેઠક જીતી જનાર ભરતસિંહ સોલંકી



૨૦૧૪ની ચૂંટણીમાં ભાજપના દિલીપ પટેલ સામે હારી ગયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભરતસિંહ સોલંકી જુદા જુદા હોદ્દાઓ ઉપર રહી ચુક્યા છે. ૨૦૦૪ અને ૨૦૦૯માં બે વખત ચૂંટણી જીતી ગયા બાદ ૨૦૧૪માં તેઓ આણંદની બેઠક પરથી તેઓ હારી ગયા હતા. કેન્દ્રમાં તેઓ પ્રધાન તરીકે પણ સેવા આપી ચુક્યા છે. જેના ભાગરુપે જૂન ૨૦૦૯થી જાન્યુઆરી ૨૦૧૧ના ગાળા દરમિયાન તેઓ ભારત સરકારમાં કેન્દ્રીય વિજળી રાજ્યમંત્રી તરીકે રહી ચુક્યા છે. આ ઉપરાંત જાન્યુઆરી ૨૦૧૧ અને ઓક્ટોબર ૨૦૧૨ દરમિયાન રેલવે રાજ્યપ્રધાન તરીકે પણ સેવા આપી ચુક્યા છે. આ ઉપરાંત ઓક્ટોબર ૨૦૧૨થી તેઓ સ્વતંત્ર હવાલા સાથે ડ્રિન્કિંગ વોટર એન્ડ સેનિટેશન રાજ્યમંત્રી તરીકે રહ્યા હતા. જુદી જુદી કમિટિઓમાં તેઓ સેવા આપી ચુક્યા છે જેમાં જોઈન્ટ કમિટિ ઓન ઓફિસ ઓફ પ્રોફિટનો સમાવેશ થાય છે. માધવસિંહ સોલંકીના પુત્ર છે.

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

અભિનંદન - શુભકામનાઓ



શ્રીમતી આનંદીબેન પટેલ
માનનીય મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય





આર. સી. ફળદુ
પ્રદેશ પ્રમુખ, ભાજપા,
ગુજરાત રાજ્ય

સૌનો સાથ સૌનો વિકાસ

શ્રી આશિષકુમાર દવે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના અધ્યક્ષપદે
આપની નિમણુંકને હૃદયપૂર્વક વધાવીએ છીએ...
અને ગુડાના અધ્યક્ષ તરીકે સર્વાંગી વિકાસની
જવાબદારી સફળતાપૂર્વક નિભાવવા આપને
અંતઃકરણથી શુભકામનાઓ...

વિક્રમસિંહ ગોલ
પ્રમુખ, જિલ્લા રાજપૂત સમાજ
અતુલભાઈ પોપટ
રાજભાઈ શાસ્ત્રી
દિનેશભાઈ પટેલ
દશરથભાઈ પટેલ

લાલસિંહ કે. વાઘેલા
ચેરમેનશ્રી, ગાંધીનગર નાગરિક બેંક
નિમેષભાઈ રાવલ
બલભદ્રસિંહ ચુડાસમા
હિતેશભાઈ ચૌધરી
બી. કે. ચાવડા (સીએ)

અનિરૂદ્ધસિંહ ચાવડા